GUJARAT CHAMBER OF COMMERCE & INDUSTRY
GCCI
ગુજરાત વેપારી મહામંડળ

# Gujarat Chamber of Commerce & Industry

75 Azadi Ka Amrit Mahotsav

Pathik Patwari
President
Ajay Patel
Sr. Vice President
Yogesh Parikh
Vice President
Anil Jain
Hon. Secretary
Dilip Padhya
Hon. Secretary (R)
Apurva Shah
Hon. Treasurer

19 સપ્ટેમ્બર, 2022 | 28121

પ્રતિ,
**શ્રી હર્ષભાઈ સંઘવી**
માનનીય મંત્રીશ્રી(રાજ્ય કક્ષા)
ગૃહ વિભાગ
ગુજરાત સરકાર
ગાંધીનગર.

**વિષય: આપના વિભાગને લગતા પડતર પ્રશ્નોની વિસ્તૃત ચર્ચા માટે આપશ્રી અને સંલગ્ન ઉચ્ચ અધિકારીઓ સાથે મિટિંગ માટે વિનંતી**

માનનીય મંત્રીશ્રી,

સૌપ્રથમ ગુજરાત રાજ્યના વેપાર-ઉદ્યોગને પ્રોત્સાહન આપવા આપશ્રી દ્વારા જે સકારાત્મક પગલાંઓ લેવામાં આવ્યા છે તે બદલ આપશ્રીનો આભાર માનીએ છીએ.

રાજ્યના વેપાર-ઉદ્યોગના વિકાસને વેગ મળે અને Ease of Doing Business ને બાધારૂપ બનતા પડતર પ્રશ્નોનું નિરાકરણ આવે તે ઉદ્દેશથી GCCI દ્વારા વેપાર-ઉદ્યોગને લગતા પ્રશ્નો અને નિરાકરણ માટેના સુચનોનું સંકલન કરવામાં આવ્યું છે.આપશ્રીને લગતા વિભાગોના પ્રશ્નો અત્રે આપની જાણ સારું બિડાણ કરેલ છે.

આપના વિભાગના પ્રશ્નોનું તાત્કાલિક ધોરણે નિરાકરણ ખુબજ જરૂરી હોવાથી આપશ્રી અને સંલગ્ન ઉચ્ચ અધિકારીશ્રીઓની ઉપસ્થિતિમાં મિટિંગ તાત્કાલિક ધોરણે યોજવા આપશ્રીને અમારી નમ્ર વિનંતી છે જેથી પ્રશ્નો અને સૂચિત સુધારાઓ અંગે વિસ્તૃત ચર્ચા થઇ શકે અને તેમનું ત્વરિત નિરાકરણ લાવી શકાય.

ઉપરોક્ત બાબતે આપના સકારાત્મક પ્રત્યુત્તરની અપેક્ષા સહ,

આપનો,

**પથિક પટવારી**
**પ્રમુખ.**

બિડાણ: ઉપર મુજબ

**નકલ રવાના: શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા,** માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી(રાજ્ય કક્ષા), ગુજરાત સરકાર, ગાંધીનગર.

Shri Ambica Mills, Gujarat Chamber Building, Ashram Road, Ahmedabad 380009, Gujarat, India
+91-79-2658 2301/2/3/4/5
gcci@gujaratchamber.org
www.gujaratchamber.org
GCCIAhmedabad

1. **ગૃહ વિભાગ**

| અનું. | વિભાગ | મુદ્દો | સૂચિત સુધારો/ સ્પષ્ટીકરણ |
|---|---|---|---|
| 1.1 | ગૃહ વિભાગ | **IPC ની કલમ 304**<br>ફેક્ટરી/ ઓફિસો / કારખાનાઓ માં અકસ્માતના કિસ્સાઓમાં IPC ની કલમ 304 લાગુ કરવામાં આવે છે અને પોલીસ વિભાગ દ્વારા ફેક્ટરી માલિકોની ધરપકડ કરવામાં આવે છે. આ બાબત ઔદ્યોગિક હિત ની વિરુદ્ધ હોવાથી નવા તેમજ હાલના ઉદ્યોગકારો ભય અનુભવે છે. | આપશ્રીને અમોએ અગાઉ આ અંગે રજૂઆત કરેલ હતી. અને આપશ્રીએ આ બાબત સકારાત્મક વલણ દાખવી યોગ્ય નિર્ણય લેવાની ખાતરી આપી હતી. અમારી આપશ્રીને વિનંતી છે કે IPC ની કલમ 304 અંતર્ગત ઉદ્યોગો પર અકસ્માતના કિસ્સાઓમાં પગલાં ન લેવામાં આવે તેવા સૂચનો ગૃહ વિભાગ, વન અને પર્યાવરણ વિભાગ તથા ફેક્ટરી ઇન્સ્પેકટર ને આપવા વિનંતી છે |
| 1.2 | | **Special Investigation Team (SIT) ની રચના** | મુખ્ય ઔદ્યોગિક ક્ષેત્ર માટે SIT ની રચના કરવી જોઈએ જેથી કરીને ઉદ્યોગોમાં થતા છેતરપિંડીના કેસોનો ઝડપી નિકાલ કરી શકાય. Ease of Doing Business ને પ્રોત્સાહન મળશે. |
| 1.3 | | શહેરની બહારની બાજુના રિંગ રોડ પાસેના વિસ્તારમાં આવેલ નરોડા ,વટવા અને ઓઢવ GIDCમાં પ્રવેશ માટે રિંગ રોડના રસ્તે જઈ શકાય છે અને આમ આ ટ્રાફિકને પણ નડતરરૂપ નથી તેમ છતાં આવા GIDC માટે દિવસમાં માલવાહક વાહનોના પ્રવેશ પર પ્રતિબંધ લાગુ કરવામાં | આવા GIDC વસાહતો માટે દિવસ દરમ્યાન રિંગ રોડથી ભારે અને મધ્યમ માલવાહક વાહનોને પ્રવેશ માટેની છૂટ આપવી જોઈએ. |

| | | | |
|---|---|---|---|
| | | આવ્યું છે જેને કારણે ઉદ્યોગોને ખુબ મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. બહારગામથી આવતી ગાડીઓ લગભગ રાત્રીના સમયે શહેરમાં પહોંચે છે જેથી ટ્રાફિકની અવર-જવરમાં બાધા આવે નહિ પરંતુ તેમને માલ ખાલી કરવા કે ભરવા માટે દિવસની રાહ જોવી પડે છે કારણ કે રાત્રે મજૂરો મળતા નથી તેમજ દુકાન/ફેક્ટરી પણ ખુલ્લી હોતી નથી. આવા સંજોગોમાં દિવસના સમય દરમ્યાનની છૂટ ન હોવાને કારણે ગાડીઓમાં માલ ભરવા કે ખાલી કરવામાં ખુબ વિલંબ થાય છે અને વેપાર-ઉદ્યોગોને સમયસર માલ ની લેવડ-દેવડ પુરી ન કરી શકવાને કારણે આર્થિક નુક્શાનનું સામનો કરવો પડે છે. | |